ક્રમાંક. મકમ/૧૦૨૦૦૨/૫૭૯૮/આર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ~~૨૫/૬/૨૦૦૩~~.

26 JUN 2003

પ્રતિ,

શ્રી આર. એમ. શર્મા,
નગરપાલિકા નિયામકશ્રી,
ગુજરાત રાજય,
ગાંધીનગર.

વિષય :- રાજયની તમામ નગરપાલિકાઓની ભરતીની પ્રક્રિયા નિયંત્રિત કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે, નગરપાલિકાઓ સ્વાયત્ત સંસ્થાઓ છે. પરંતુ નગરપાલિકાઓમાં મોટી સંખ્યામાં બિનજરૂરી નિમણૂંકના કારણે પ્રાથમિક ફરજો પણ બજાવી ન શકાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. નગરાલિકાઓ વિજળી વપરાશના બીલો પણ ભરી શકતી નથી, શહેર સુધારણાના કામો કરી શકાતા નથી અને પગાર ચુકવવામાં પણ મુશ્કેલી છે.

તદ્ઉપરાંત ઓક્ટ્રોય નાબુદી બાદ નગરપાલિકાઓમાં સરપ્લસ (ફાજલ) સ્ટાફ છે. આ સંજોગોમાં જો રહેમરાહે નોકરી આપવાની યોજના દાખલ કરવામાં આવે તો આર્થિક સ્થિતિ વધારે બદતર થાય તેવી શકયતા છે. આથી નીચે મુજબની સૂચનાઓ નગરપાલિકાઓને આપના તરફથી આપી સરકારશ્રીને જાણ કરવા વિનંતી છે.

(૧) નગરપાલિકાઓમાં રહેમરાહે નોકરી હાલ નહીં આપવા તમામ નગરપાલિકાઓને સૂચના આપવી.

(૨) નગરપાલિકાના સ્ટાફનું રેશનલાઇઝેશન ન થાય ત્યાંસુધી અન્ય કોઇપણ પ્રકારની નિમણૂંક માટે નગરપાલિકા ઓને અધિકૃત કરવી નહીં.

આપનો વિશ્વાસુ,

(રમણ મહેરીયા)
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

નકલ રવાના :-

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી
- માન. મંત્રીશ્રી , શહેરી વિકાસના અંગત સચિવશ્રી
- ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, તરફ નગરપાલિકા શિક્ષણ સમિતિના કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નિમણૂંકના અનુસંધાને જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.
- ~~સિલેક્ટ~~ ફાઇલ